Divya Bhaskar, Page- ii
Surat, 06/08/2024



**ભાસ્કર એક્સક્લુઝિવ** મેટ્રો સ્ટેશન બુલેટ ટ્રેન સ્ટેશનથી માત્ર 280 મીટરના અંતરે હશે, રૂટના 20 પિલર તૈયાર થઈ ગયા

# મેટ્રોમાં મુસાફરી કરીને અંત્રોલીમાં બુલેટ ટ્રેન પકડી શકાશે બંને સ્ટેશનોને નજીકમાં જ એકબીજા સાથે ઈન્ટિગ્રેટ કરાશે

## 40 કિમીના મેટ્રો પ્રોજેક્ટના ફેઝ-1માં ડાયમંડ અને ટેક્સટાઈલ બંને રૂટના કામ પ્રગતિ હેઠળ

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | સુરત

શહેરમાં મેટ્રો ટ્રેનને હાઈસ્પીડ બુલેટ રેલ કોરિડોર સાથે જોડવાની કામગીરી શરૂ થઈ ગઈ છે. સારોલી મેટ્રો સ્ટેશનથી અંત્રોલી બુલેટ ટ્રેન સ્ટેશન સુધીના 4 કિમીના રૂટમાં પિલરો પર સ્પાન્સ મૂકવામાં આવી રહ્યા છે. બુલેટ સ્ટેશન સાથે મેટ્રો જોડાયા બાદ શહેરના મુસાફરો બુલેટ સ્ટેશન સુધી સરળતાથી પહોંચી શકશે. મેટ્રોના એલિવેટેડ અને અંડરગ્રાઉન્ડ રૂટના કામ ચાલી રહ્યાં છે. અંત્રોલીમાં બુલેટ સ્ટેશન તરફના વિસ્તરણની પ્રાથમિક કામગીરી પણ શરૂ થઈ ગઈ છે. 40 કિમીના મેટ્રો પ્રોજેક્ટના ફેઝ-1માં બે રૂટ બનાવાઈ રહ્યા છે. પ્રથમ ડાયમંડ લાઈન છે, જે ડ્રીમ સિટી અને સરથાણા વચ્ચે 21.8 કિમીની હશે તો બીજી ટેક્સટાઈલ લાઈન છે, જે ભેસાણથી સારોલી સુધીની 18 કિ.મી. હશે. લાઈન-2માં સારોલીથી અંત્રોલીનું અંતર 4 કિ.મી. હવે મેટ્રો પ્રશાસને સારોલી અને અંત્રોલી વચ્ચે પિલર તેમજ સ્પાનની કામગીરી શરૂ કરી છે.

અંત્રોલીમાં બની રહેલા હાઈ સ્પીડ બુલેટ ટ્રેન સ્ટેશનથી લગભગ 280 મીટરના અંતરે અંત્રોલી મેટ્રો સ્ટેશન બનાવાશે. હાઈ સ્પીડ બુલેટ ટ્રેન પ્રશાસને પોતાના સ્ટેશનના નકશામાં 280 મીટરના અંતરે સૂચિત મેટ્રો સ્ટેશન પણ દર્શાવ્યું છે, જેથી શહેરના યાત્રીઓ માટે બુલેટ ટ્રેન સ્ટેશન સુધી પહોંચવામાં ઘણી સરળતા થઈ જશે. ઉપરાંત મેટ્રોના મુસાફરોની સંખ્યા પણ વધશે. સુરત મેટ્રો રેલના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, મેટ્રોને સારોલીથી અંત્રોલી સુધી લઈ જવાની યોજના છે.

## સારોલીથી અંત્રોલી સુધીના ચાર કિમીના માર્ગ ઉપર પિલર-સ્પાનની કામગીરી પૂર જોશમાં શરૂ

### રૂટ વિસ્તરણની તૈયારીઓ શરૂ

સારોલીથી અંત્રોલી વચ્ચે 4 કિમીના રૂટને લંબાવવામાં આવશે. આ માટે વધારાના 20 પિલર બનાવાયા છે, ઉપરાંત 5 પિલરનું કામ ચાલુ છે. GMRCની મંજૂરી મળ્યા બાદ અંત્રોલી મેટ્રો સ્ટેશનને એકીકૃત કરવાનું કામ શરૂ થશે.



### NHSRCLએ પ્રસ્તાવ મોકલ્યો

મેટ્રો પ્રશાસન રૂટને બુલેટ ટ્રેન સ્ટેશન સુધી લંબાવવાની યોજના બનાવી રહ્યું છે. જો કે હજુ પણ કામગીરી પ્રાથમિક કક્ષાએ જ છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશને આ સંબંધમાં મેટ્રો રેલ પ્રશાસનને પ્રસ્તાવ મોકલ્યો છે.



સારોલી મેટ્રો સ્ટેશન

**માર્ચ સુધીમાં લાઈન-2 તૈયાર થઈ જશે** | મેટ્રો લાઈન-2માં ભેંસાણ-સારોલી 18 કિમીના એલિવેટેડ રૂટનું કામ ચાલી રહ્યું છે. સારોલી સ્ટેશન પણ બની રહ્યું છે. મેટ્રો પ્રશાસને કહ્યું કે માર્ચ 2025 સુધીમાં લાઈન-2 તૈયાર થઈ જશે.



અંત્રોલી બુલેટ ટ્રેન સ્ટેશન

**કોન્કોર્સ અને રેલ લેવલના સ્લેબ તૈયાર** | સારોલીથી 4 કિમી દૂર અંત્રોલી ખાતે બુલેટ સ્ટેશન બની રહ્યું છે. જ્યાં 450 મીટર કોનકોર્સ લેવલ સ્લેબ અને 450 મીટર રેલ લેવલ સ્લેબ બની ગયા છે. ડિસેમ્બર સુધીમાં કામ પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.